## ગણેશ મહોત્સવ


મહાકાલ યુવક મંડળ - નસવાડી


માણેકચોક યુવક મંડળ - નસવાડી


રામસેના યુવક મંડળ - નસવાડી


છીપવાડનાકા યુવક મંડળ - પાદરા


ગણેશ યુવક મંડળ - ભોજ


ગોવિંદપુરા યુવક મંડળ - પાદરા

**વાઘોડિયા નજીક આવેલા દેવ ડેમમાં સતત પાણીની આવકના કારણે છલકાવાની સ્થિતિ : હાલની સપાટી 89.65 મીટર નોંધાઈ**

# દેવડેમના પાણી છોડાતા ડભોઈ - વાઘોડિયા રોડ બંધ





**વાઘોડિયા** નજીક આવેલા દેવ ડેમમાં સતત પાણીની આવકના કારણે છલકાવાની સ્થિતિ છે

(પ્રતિનિધી) ડભોઈ તા.11

ડભોઈ તાલુકાના દંગીવાડા, પ્રયાગપુરા,કરાલીપુરા ગામો વચ્ચે ઢાઢળ નદી મા આવેલ ઘોડાપૂર પાણી અને દેવ ડેમ માંથી છોડાયેલા પાણી ફરી વળતા ડભોઈ વાઘોડિયા માર્ગ બંધ થઈ જવા પામ્યો હતો. જેથી વાહન ચાલકોને વાયા સીમળીયા થી ખેરવાડી થઈ વાઘોડિયા જવાનો વારો આવ્યો હતો. ઉપરવાસ માં પડેલા ધોધમાર વરસાદ ને કારણે ઢાઢર નદી બે કાંઠે થવા પામી હતી. ડભોઈ તાલુકાના નીચાણવાળા વિસ્તાર ના ગામો જેવાકે દગીવાડા,કરાળીપુરા,પ્રયાગપૂરા અને નારણપુરા જેવા ગામો સંપર્ક વિહોણા થઇ જવા પામ્યા હતા.બીજી બાજુ દેવડેમ પણ પાણી છોડાતા દેવ નદી પણ ઘોડાપૂર થતા ખેતરો અને કોતરો જળબંબાકાર થઈ જતાં ડભોઈ વાઘોડિયા માર્ગ બંધ થઈ જવા પામ્યો હતો. જેથી વાહન ચાલકો ને વાયા ખેરવાડી થી વાઘોડિયા જવાનો વારો આવ્યો હતો. ઢાઢર નદી પર બ્રીજ બનાવવાનું કામ ચાલતું હોવાથી ડભોઈ થી વાઘોડિયા જતા વાહનો ને અંતરિયાળ તરસાનાથી અથવા તો દંગીવાડા ડાઈવર્જન અપાયેલું હોવાથી પુરની પરિસ્થિતિ ચાલુ સીઝનમાં ત્રીજીવાર સામનો કરવાનો વારો આવ્યો હતો. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પાણી છોડવાની સ્થિતિમાં નદીમાં પૂર આવવાના સંજોગોને કારણે વાઘોડિયા ડભોઈ તાલુકાના ૧૬ ગામોને સતર્ક કરાયા હતા.

**વિદ્યાર્થીઓને ઘૂંટણ ઘૂંટણ પાણીમાં ઉતરીને જવા મજબૂર બન્યા**

# કાવીઠાગામેપાણીભરાતાબસચાલકે વિદ્યાર્થીઓને અધવચ્ચે ઉતારી દીધા

(પ્રતિનિધિ) સંખેડા તા.11

એ સમયે સંખેડાથી સ્કૂલના વિદ્યાર્થીઓને લઈ અને સંખેડાથી મોરખલા તરફ જતી એસટી બસ કાવીઠા ગામની ભાગોળે તળાવ નજીક કોતરના પાણી આવી જતા બસ રસ્તામાં જ ઉભી રહી ગઈ હતી. જેથી વિદ્યાર્થીઓને બસમાંથી ઉતરી ઘૂંટણ ઘૂંટણ પાણીમાં ઉતરીને ગામમાં જવાબ મજબૂર બન્યા હતા.

સંખેડા તાલુકામાં બપોરે સાંબેલા ધાર વરસાદ વરસ્યો હતો. જેથી કાવિઠા ગામની ભાગોળે રસ્તા ઉપર પાણી ભરાયા હતા. એ સમયે સંખેડા થી મુરખલા બસ વિદ્યાર્થીઓને લઈને આવતી હતી પરંતુ કાવીઠા ગામની ભાગોળે વરસાદી પાણી ભરાઈ જવાથી બસ ને તળાવ



પાસે ભાગોળે ઊભી રાખી દેવામાં આવી હતી.

વિદ્યાર્થીઓને ઘૂંટણ-ઘૂંટણ પાણીમાં ચાલીને ગામમાં જવું પડયું હતું. એસ.ટી.વિભાગની બેદરકારી સામે આવી હતી. પાણીના પ્રવાહમાં કોઈ તનાઈ જાય તો જવાબદાર કોણ? સંખેડા તાલુકામાં બપોરે સાંબેલા ધાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદને કારણે રસ્તા ઉપર પાણી ભરાયાં હતા. સંખેડા તાલુકાના કાવિઠા ગામની ભાગોળે પાણી ભરાઈ જવાથીબસ મોરખલા ન જઈ શકી ત્યાંના વિદ્યાર્થીઓને હાલાકી સામનો કરવો પડ્યો હશે. કાવીઠા ગામની ભાગોળે વરસાદી પાણી ભરાઈ જવાથી બસ ને તળાવ એમ કાવીઠા ગામના સ્થાનિક આગેવાન મેહુલભાઈ એ જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે કાવીઠા ગામના લોકો સ્લેબ ડ્રેઈ ની માંગ કરી રહ્યા છે.

## સંખેડા માળીવગા ફળિયામાં વરસાદને કારણે દીવાલ પડી

(પ્રતિનિધિ) સંખેડા તા.11

સંખેડા માળીવગા ફળિયામાં મુશળધાર વરસાદને કારણે વરસાદમાં મકાનની દીવાલ પડી

સંખેડા તાલુકામાં સાંબેલા ધાર વરસાદ પડતા માળી વગા ફળિયામાં મનોજભાઈ શંકરભાઈ ભીલ (ધુળધુળીયા)ના ઘરની દિવાલ પડી ગઈ હતી.જોકે સદનસીબે કોઈને કોઈ ઈજા થઈ નહોતી. સંખેડામાં બપોરના સમયે સાંબેલા ધાર વરસાદ પડ્યો હતો. ભારે વરસાદને કારણે સંખેડા ગામમાં માળીવાગા ફળિયામાં રહેતી મનોજભાઈ શંકરભાઈ ધુળધુળીયાના મકાનની રસોડાના ભાગમાં દીવાલ પડી ગઈ હતી.

દિવાલ પડી જતા રહીશને વધારે નુકશાન જોવા મળ્યું છે, માંગણી છે કે સરકાર રહીશને કોઈ સરકારી વળતર મળેતે અધિકારીઓને ગ્રામજનો તરફથી ભલામણ કરવામાં આવી છે.

**જૈન વાગામાંથી ભવ્ય શોભાયાત્રા નીકળી**

# ડભોઈમાં પર્યુષણ પર્વની ધામધૂમથી ઉજવણી કરાઈ



(પ્રતિનિધી) ડભોઈ તા.11

ડભોઈમાં જૈન સંપ્રદાય દ્વારા પર્યુષણ પર્વની ઉજવણી ભારે ભક્તિ અને શ્રદ્ધાભેર કરવામાં આવી હતી.જૈન સમાજના પર્યુષણ પર્વની પૂર્ણાહુતિ થતાં ની સાથે જ આજરોજ બેન્ડવાજા ઢોલ નગારા સાથે ચાંદીનો રથ, બગી ગાડીઓ અને ભગવાન મહાવીર સ્વામીને પાલખીમાં બિરાજમાન કરી ભવ્ય વિશાળ શોભાયાત્રા જૈનવાગા માંથી વાજતે-ગાજતે નીકળી હતી. તપસ્વીઓ આ શોભાયાત્રામાં જોડાતા તેમના સંબંધીઓ આ ધાર્મિક પર્વનો લ્હાવો લેવા ડભોઇ ખાતે ઉમટી પડ્યા હતા.વિશાળ શોભાયાત્રા ને જોવા માટે માનવ મહેરામણ રાજમાર્ગો પર ઉમટી પડ્યું હતું.તપસ્યાઓ કરનારા તપસ્વીઓને શણગાર કરેલી બગીગાડીઓ માં બિરાજમાન કરવામાં આવ્યા હતા.

જૈનવાગા માંથી નીકળે વિશાળ શોભાયાત્રા માં વિજય દેવસુરી જૈન સંઘના પ્રમુખ સાથે ઉપપ્રમુખ હોદ્દેદારો સમાજના અગ્રણીઓ જોડાયા હતા.

**અધિકારીઓએ ગામની મુલાકાત ના લીધી**

# રાજપુરા ગામનો કોઝવે ધોવાઈ જતા બે દિવસથી શાળા બંધ

(પ્રતિનિધી) નસવાડી તા.11

નસવાડી તાલુકાના રાજપુરા ગામનો લો લેવલનો કોઝવે રીપેરીંગ બાદ ફરી ધોવાઈ જતા બે દિવસ થી પ્રાથમિક શાળા બંધ

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના રાજપુરા ગામ પાસે થી અશ્વિન નદી પસાર થાય છે તેના ઉપર પંચાયત માર્ગ મકાન વિભાગ ની માલિકી નો વર્ષો પુરાણો કોઝવે આવેલો છે અગાઉ વરસાદ પડ્યો હતો ત્યારે પાંચ દિવસ સુધી ગામ સંપર્ક વિહોણું રહ્યું હતું જયારે પંચાયત માર્ગ મકાન વિભાગે આ કોઝ વે તૂટતાં લાખો રૂપિયાનો ખર્ચ કરી રીપેરીંગ કરાવ્યું હતું પરંતુ ફરી વરસાદ પડતા કોઝવે ના



રીપેરીંગ ની તમામ કામગીરી ધોવાઈ ગઈ હતી જયારે આ કોઝવેમાં માટી પુરાણ કરી હજારો રૂપિયાનો ખર્ચો સરકારી ચોપડે પાડી દેવામાં આવ્યો હતો જયારે ફરી કોઝવે ઉપર પાણી ફરી વળતા માટીનું ધોવાણ થઈ ગયું હતું અને ફરી જેવું હતું એ સ્થિતિમાં કોઝવે થઈ ગયો હતો.

## ભીલપૂર ગામે આની નદી ઉપર કોઝ વે ધોવાયો

(પ્રતિનિધી) છોટાઉદેપુર તા.11

છોટાઉદેપુર તાલુકામાં ભિલપૂર ગામે રસ્તા અને પ્રાથમિક સુવિધા ઓની ફરિયાદ પ્રજા કરી રહી છે. જેમાં વિવિધ બાબતો ઉપર તંત્ર સામે સવાલ ઉઠી રહ્યા છે. ગામના રહીશો જણાવી રહ્યા છે કે અમારા ગામમાં બનાવવામાં આવેલ આની નદી ઉપર નો કોજ વે ઉપર મોટા ખાડા પડી ગયા છે અને પડેલા ભૂવા ને કારણે વધુ નુકશાન થાય તેવી શક્યતા ઓ રહેલી છે. અત્રે ઉલ્લેખનીય છેકે ભિલપુર ગામે ચંગોડ ફળિયા માં આની નદી ઉપર બનાવવામાં આવેલ કોઝવે સાઈડ ઉપર થી તૂટી ગયું છે અને રસ્તામાં વચ્ચો વચ ખાડા પણ જોવા મળી રહ્યા છે.

## નસવાડી તાલુકાનું ધનિયાઉમરવા તળાવ ઓવરફ્લો થતા વેસ્ટ વિયર માંથી પાણી રોડ ઉપર ફરી વળ્યું



**નસવાડી :** નસવાડી તાલુકાનું ધનિયાઉમરવા તળાવ છોટાઉદેપુર જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગનું તળાવ છે અને આ તળાવ ઓવરફ્લો થતા આસપાસ ના કોતરોમાં તળાવનું વેસ્ટ વિયરનું પાણી જઈ રહ્યું છે જયારે તળાવ તરફ જવાના રસ્તા ઉપર વેસ્ટ વિયરનું પાણી ફરી વળતા તળાવની આસપાસ રહેતા લોકો માટે મુશ્કેલી પડી રહી છે સિંચાઈ વિભાગે વેસ્ટ વિયરને બંધ કરવા માટે વર્ષો થી રીપેરીંગ કરાતું નથી રીપેરીંગ કરાવ્યું હોતતો હજુ વધુ માત્રામાં પાણી રોકી શક્યા હોત આગામી દિવસોમાં ખેડૂતોને પણ સિંચાઈના પાણી માટે પણ મુશ્કેલી ઉભી થશે.

## નસવાડીના મનરેગાના કર્મચારીને નોકરી પરથી છુટો કર્યો

(પ્રતિનિધી) નસવાડી તા.11

નસવાડી તાલુકામાં જર્જરિત આંગણવાડીઓ અને જર્જરિત પંચાયત ઘરો હોવાના કારણે નવા ઓરડા બનાવવા તંત્રના અધિકારીઓને વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી.

મનરેગા યોજનામાં 50 આંગણવાડીઓ 18 પંચાયતઘર મંજુર થયા હતા આગળની કામગીરી ના થતા આંગણવાડી કેન્દ્રો ના બનતા કેટલાક વર્ષોથી ગરીબ લોકોને રોજગારી ના મળતા આવસો અધૂરી રહેતા જેને લઇ આખરે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકએ એપીઓ બકુલભાઈ બી પરીખને ફરજ ઉપર કાયમી છુટા કરી દેવાનો હુકમ કરતા મનરેગા શાખામાં ખળભળાટમચી ગયો છે.

# સાંઢકુવાની કોતરમા પાણી ઘૂસતા ટ્રેક્ટર માં વિદ્યાર્થીઓને પહોંચાડ્યા

(પ્રતિનિધિ) સંખેડા તા.11

સંખેડા તાલુકાના સાંઢકુવા વિદ્યાર્થીઓને ટ્રેક્ટર માં બેસાડી ધસ મસ્તતા કોતરના પાણીમાં પસાર કરવાનો વિડીયો સામે આવ્યો હતો એક નહીં પણ ૧૦થી ૧૫ વિદ્યાર્થી ઓએ પોતાનો જીવ જોખમમાં મૂક્યો હતો.સાંઢકૂવાના વિદ્યાર્થીઓનું ને ટ્રેક્ટરમાં બેસાડી બોરતલાવથી ઘરે લવાયા હતા.

સંખેડા તાલુકાના બોર તળાવથી સાંઢ કુવા તરફ જવાના રસ્તે કોતર ઉપરના નાળા ઉપર પાણી આવી જતાં વિદ્યાર્થીઓને ટ્રેક્ટર બેસાડી ઘરે લાવવા આવ્યા હતા. ટ્રેક્ટરની ટ્રોલી સુધી પાણી આવી ગયું હતું આવા પાણીમાંથી વિદ્યાર્થીઓને ટ્રેક્ટરમાં બેસાડી સાંઢકુવા લવાયા હતા. સંખેડા




તાલુકામાં બપોરના સમયે ધોધમાર વરસાદ વરસ્યો હતો બે કલાકમાં ૪૨ મીમીજેટલો ભારે વરસાદ થયો હતો તેને કારણે કોતરોમાં પાણીની આવક થઈ હતી. સંખેડા તાલુકાના બોરતલાવથી સાંઢકુવા તરફ જવાના રસ્તે લગભગ ત્રણ જેટલા કોતરો આવે છે. ઉપર પાણી ફરી વળ્યું હતું.

આવા પાણીમાંથી વિદ્યાર્થીઓને ઘરે પરત લાવવા માટે સાંઢકુવાના રહીશો દ્વારા ટ્રેક્ટરની મદદથી વિદ્યાર્થીઓને ઘરે લાવવાનો પ્રયાસ કરાયો હતો. વિદ્યાર્થીઓને ટ્રેક્ટરમાં બેસાડી કોતર પાર કરાતું હોય વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

# અવાખલ ભેખડા રોડ પર ભૂવો પડ્યો

(પ્રતિનિધી) શિનોર તા.11

શિનોર માં આવેલા અવાખલ થી ભેખડા જવાના રોડ પર આવેલ અચિસરા ગામ નજીક એક ભૂવો અને મસમોટો ભૂવો પડ્યો છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા વાહન ચાલકોએ તંત્ર સામે રોષ ઠાલવ્યો છે.

શિનોર તાલુકાના અવાખલ થી અચિસરા,ભેખડા, પુનિયાદ,ગરાડી અને સાંધાને જોડતો જિલ્લા પંચાયત હસ્તકનો રોડ આવેલો છે.ત્યારે આ રોડ પર આવેલ અચિસરા ગામ નજીક એક ભૂવો તેમજ મસમોટો ખાડો ઘણા સમયથી પડી ગયો છે.જે અંગેની સ્થાનિક વાહન ચાલકો દ્વારા તંત્રમાં અનેકવાર મૌખિક રજૂઆતો કરવામાં આવી છે.તેમ છતાં આજદિન સુધી જવાબદાર તંત્ર દ્વારા રોડ પર પડેલ ભૂવા તેમજ



ખાડા ને દુર કરવાની કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં ન આવી હોવાના આક્ષેપો સાથે અચિસરાના સ્થાનિક આગેવાન પીન્ટુ બારોટે તંત્ર સામે પોતાનો રોષ ઠાલવ્યો હતો.

આ ઉપરાંત વાહન ચાલકોએ બિસ્માર રોડ ને કારણે પડી રહેલી હાલાકી બાબતે તંત્ર સામે પોતાનો રોષ ઠાલવ્યો હતો.